Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પરીક્ષા/કોન્વો/૨૭૪/૨૦૧૭
તા.૦૬/૦૧/૨૦૧૭

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન કોલેજના
આચાર્યશ્રી/ડાયરેકટરશ્રી/હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ,

વિષય : ૪૮માં વાર્ષિક કોન્વોકેશનમાં ડિગ્રી સર્ટીફીકેટ મેળવવા અંગે.

મહાશયશ્રી,

ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે આગામી ૪૮ માં વાર્ષિક પદવીદાન સમારંભમાં જે વિદ્યાર્થીઓએ ડિગ્રી સર્ટીફીકેટ મેળવવા અંગે ફોર્મ ભરેલ હતા તેમજ જેમને ડિગ્રી સર્ટીફીકેટ એનાયત થનાર છે. તે તમામ વિદ્યાર્થીઓની જાણ માટે નીચે મુજબની માહિતી આપની કોલેજના નોટીસ બોર્ડ પર મૂકવા વિનંતી છે. તેમજ તે અંગેની જાણ આપની કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક કર્મચારીઓના ધ્યાને લાવવા વિનંતી છે.

## : પરિપત્ર :

૪૮ માં વાર્ષિક પદવીદાન સમારંભ "ગુરૂવાર, તા.૨૩/૦૨/૨૦૧૭ના રોજ યોજાનાર છે. યુનિવર્સિટી પદવીદાન સમારંભ પૂર્ણ થયા બાદ ગત ત્રણ વર્ષની જેમ (૨૦૧૪–૪૫, ૨૦૧૫–૪૬, ૨૦૧૬–૪૭ માં પદવીદાન સમારંભમાં) કરેલ વ્યવસ્થા મુજબ ચાલુ વર્ષે પણ વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પર ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા માટે આવવાનું ન રહે અને નાણાં તથા સમયનો બચાવ થાય તેવા શુભ આશયથી **જે વિદ્યાર્થીઓએ ડિગ્રી સર્ટીફીકેટ મેળવવા માટે ફોર્મ ભર્યું હશે. તેવા તમામ વિદ્યાર્થીઓ માટે ગુરૂવાર, તા.૨૩/૦૨/૨૦૧૭ના રોજ એક દિવસ પૂરતું જ ડિગ્રી વહેંચણી અંગેનું કાર્ય કરવામાં આવશે.** જે વિદ્યાર્થીઓ પદવીદાન સમારંભના દિવસે કોઈ કારણસર હાજર રહી શકે તેમ ન હોય, તેવા તમામ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા તેમના ડિગ્રી સર્ટીફીકેટ પદવી અંગેના ફોર્મમાં દર્શાવેલ સરનામે ૩૦ દિવસમાં સ્પીડ પોસ્ટ મારફતે મોકલવાની વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.

પરીક્ષા નિયામક

Scanned by CamScanner